તારીખ : 29/10/2018 વિષય : સામાજિક વિજ્ઞાન ગુણ : 80
વાર : સોમવાર ધોરણ : 7 (પ્રથમ સત્ર) સમય : 2:00 થી 5:00

---

પ્રશ્ન-1 (A)આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. 16

1. હર્ષવર્ધન દર પાંચ વર્ષે કયાં ધર્મપરિષદનું આયોજન કરતો હતો ?
   (A) પ્રયાગ (B) કનોજ (C) થાણેશ્વર (D) કામરૂપ
2. હર્ષવર્ધનના સમયમાં કઇ વિદ્યાપીઠ વિશ્વવિખ્યાત થઇ હતી ?
   (A)વલભી (B) તક્ષશિલા (C) નાલંદા (D) વિક્રમશીલા
3. પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા કરે છે, તો પૃથ્વીની પ્રદક્ષિણા કોણ કરે છે ?
   (A) તારા (B) ગ્રહો (C) ચંદ્ર (D) એકયે નહીં
4. પૃથ્વી સૂર્યની આસપાસ પ્રદક્ષિણા કરે તેને શું કહેવાય ?
   (A) પરિક્રમણ (B) પરિભ્રમણ (C) ધરીનમન (D) વર્તુળક્રમણ
5. રાષ્ટ્ર કક્ષાની સરકારને કેવી સરકાર કહે છે ?
   (A) કેન્દ્ર સરકાર (B) રાજય સરકાર (C) સ્થાનિક સરકાર (D) સરમુખત્યાર
6. "પૃથ્વીરાજરાસો" મહાકાવ્ય કોણે રચ્યું હતું ?
   (A) સોમદેવે (B) ચંદબરદાઇએ (C) કલ્હણે (D) બાણભટ્ટે
7. ચેરનું બીજુ નામ કયું છે ?
   (A) પાંડય (B) કેરલ (C) રાષ્ટ્રકૂટ (D) પલ્લવ
8. રણભૂમિમાં પીઠ બતાવવા કરતાં રાજપૂતો યુદ્ધમાં મૃત્યુને ભેટવાનું પસંદ કરતા તેને શું કહેવાતું ?
   (A) કેસરીયા (B) જોહર (C) A અને B બંને (D) આમાંથી એકપણ નહી
9. 180° રેખાંશવૃત્તને શું કહે છે ?
   (A) ગ્રિનિચરેખા (B) પ્રમાણ સમયરેખા (C) આંતરરાષ્ટ્રીય દિનાંતરરેખા (D) સમયરેખા
10. રાજપૂત યુગમાં મહેસૂલ સ્વરૂપે ઉપજનો કેટલો ભાગ પ્રજા પાસે લેવામાં આવતો ?
    (A) ચોથો (B) પાંચમો (C) છઠ્ઠો (D) સાતમો
11. મદુરાઇનું કયું મંદિર પ્રખ્યાત છે ?
    (A) માર્તંડ મંદિર (B) મીનાક્ષી મંદિર (C) સૂર્યમંદિર (D) કૈલાસમંદિર
12. એશિયા ખંડમાં ભારતનું સ્થાન કયાં છે. ?
    (A) પૂર્વમાં (B) પશ્ચિમે (C) ઉત્તરે (D) દક્ષિણે
13. ભારતનો દરિયાકિનારો આશરે કેટલા કિલોમીટર લાંબો છે ?
    (A) 6100 (B) 1600 (C) 7517 (D) 7500



Scanned by CamScanner

14. દિલ્હીની ગાદી પર આવનાર પ્રથમ મહિલા શાસક કોણ હતા ?

(A) ચાંદબીબી (B) બેગમ હજરતમહલ (C) રઝિયા બેગમ (D) જોધાબાઇ

15. કૃષ્ણદેવરાયે કોની મદદથી દક્ષિણ ભારતમાં નહેરોનું બાંધકામ કરાવ્યું હતું ?

(A) હરિહર (B) બુક્કા (C) વિધારણ્ય (D) યોમ્કે

16. મુખ્યમંત્રી અને મંત્રીમંડળને વફાદારીના સોગંદ કોણ લેવડાવે છે ?

(A) રાજ્યપાલ (B) રાષ્ટ્રપતિ (C) ન્યાયમૂર્તિ (D) એટની જનરલ

(B) ખાલી જગ્યા પૂરો 05

1. હર્ષવર્ધનના સમયમાં વ્યાપારને કારણે .......................શહેરમાંથી ઘણું સોનું ભારતમાં આવત હતું.
2. પૃથ્વી......................... કિ.મી.ની ઝડપે સૂર્યની પરિક્રમા કરી રહી છે.
3. ઋતુઓ થવામાં પરિક્રમણ ઉપરાંત પૃથ્વીની ધરીનું ...................... પણ ભાગ ભજવે છે.
4. રાતે ઉત્તર દિશામાં .......................તારો સ્થિર અવસ્થામાં દેખાય છે.
5. દિલ્હીમાં આવેલ .......................સ્થાપત્ય સલ્તનત કાળમાં રાજધાનીનું સ્થળ હતું.

(C) મને ઓળખો 05

1. હું પ્રતિવર્ષ એક બૌદ્ધ ધર્મચર્ચા-સભા બોલાવતો અને પાંચ વર્ષે પ્રયાગમાં દાન મહોત્સવનુ આયોજન કરતો.
2. હું રાજ્યની ધારાસભાનું નીચલું ગૃહ છું.
3. હું સૂર્યની પરિક્રમા 365 દિવસમાં કરું છું.
4. મારે ત્યાં સૂર્યનું પહેલું કિરણ મંદિરમાં રહેલી પ્રતિમા ઉપર પડતુ હતું.
5. હું દિલ્હી ઉપર ગુલામવંશની સ્થાપના કરનાર શાસક છું.

પ્રશ્ન-2 ખરાં-ખોટાં જણાવો. 05

(A) 1. પુલકેશી પહેલાએ અશ્વમેધ યજ્ઞ કર્યો હતો.

2. સરકારનું ન્યાય વિષયક કામ કરનારુ અંગ ધારાસભા છે.
3. ભારતનો પ્રમાણ સમય 83.6° પૂર્વ રેખાંશ પરથી નક્કી થાય છે.
4. સલ્તનત કાળમાં ટપાલને હલકારો કહેતા હતા.
5. ઋતુઓ થવામાં પરિભ્રમણ ઉપરાંત ધરીનમન ભાગ ભજવે છે.

(B) <u>યોગ્ય જોડકા જોડો</u> 05

| A | B |
|---|---|
| 1. નાલંદા | A. વિશાખાપટ્ટનમ્ |
| 2. પરિભ્રમણ | B. શિશુપાલવધ |
| 3. માઘ | C. 24 કલાક |
| 4. પશ્ચિમ કિનારાનું બંદર | D. વિદ્યાપીઠ |
| 5. રાજ્યપાલ | E. કંડલા |
| | F. ખરડો પસાર કરનાર |



Scanned by CamScanner

(C) વર્ગીકરણ કરો 04

ઉત્તર ભારતના શાસકો અને દક્ષિણ ભારતના શાસકો

(ચૌહાણ, પરમાર, પાંડય, ચોલ, ચેર, પ્રતિહાર, રાષ્ટ્રકૂટ, ગૂર્જર)

ઉત્તર ભારતના શાસકો

દક્ષિણ ભારતના શાસકો

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યોમાં આપો. (કોઇપણ પાંચ) 10

(A) 1. હર્ષવર્ધનને નાલંદા વિદ્યાપીઠને દેશ-વિદેશમાં કેવી રીતે પ્રસિદ્ધિ અપાવી હતી.

2. પૃથ્વીની આકૃતિ દોરી તેમાં ઉ.ધ્રુવવૃત, દ. ધ્રુવવૃત દર્શાવો.

3. ઘડેલા કાયદાઓનો અમલ ન થતો હોય અને તેમને અન્યાય થાય તો તમે શું કરશો ?

4. પ્રમાણસમય પ્રમાણે અલ્હાબાદમાં બપોરના 12:00 વાગ્યા હોય તો તમારા ગામ કે શહેરમાં કેટલા વાગ્યા હશે ? શા માટે ?

5. મધ્યયુગમાં રાજાનું પદ કેવી રીતે પ્રાપ્ત થતું ?

6. મહંમદ તુઘલકની કઇ કઇ યોજનાઓની ટીકાઓ થઇ હતી ?

(B) નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો (કોઇપણ ત્રણ) 06

1. રણપ્રદેશ
2. ગ્રિનિચરેખા
3. જૌહર
4. પરિભ્રમણ

પ્રશ્ન-4 નીચેનાં વિધાનો માટે કારણો આપો. (કોઇપણ ચાર) 12

(A) 1. કૃષ્ણદેવરાયની સત્તા દક્ષિણ ભારતમાં સારી રીતે પ્રસરી હતી.

2. ઉત્તર ભારતના મેદાનો સમૃદ્ધ અને ગીચ વસ્તીવાળાં છે.

3. રાજપૂતયુગમાં સામંતો અને સરદારો સ્વતંત્ર બન્યા

4. 21 જૂને ભારતમાં લાંબામાં લાંબો દિવસ હોય છે.

5. રણપ્રદેશની વનસ્પતિ કાંટાળી હોય છે.

6. પૃથ્વી પર દિવસ-રાત થાય છે.

(B) ટૂંક નોંધ લખો (કોઇપણ બે) 08

1. રાજપૂત યુગની શાસન વ્યવસ્થા
2. રણપ્રદેશ
3. રાજ્યપાલ

પ્રશ્ન-5 ભારતના રેખાંકિત નકશામાં નકશાપૂર્તિ કરો. 04

1. કેરળ
2. અરબસાગર
3. ભારતનું પાટનગર
4. ગંગા નદી



Scanned by CamScanner